**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૭ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૩૫ ટકા

# ભગવાન શિવજીનો પ્રિય પ્રસાદ ‘ભાંગ’

## મહાશિવરાત્રી નિમિત્તે વરિયાળી, સાકર, મરી, જાયફળ, દૂધ, એલચી, બદામ, પિસ્તા, ચારોળી જેવા મસાલા મિશ્ર કરીને ભાંગનો પ્રસાદ તરીકે ઉપયોગ થયો

ગાંધીનગર, તા.૧

શહેરમાં ઉત્સાહપૂર્વક આ વર્ષે મહાશિવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી ત્યારે મહાશિવરાત્રીમાં શિવાલયોમાં પ્રસાદ તરીકે ભાંગ આપવામાં આવે છે તેની વાત કરીએ... ઉત્તર ભારત અને રાજસ્થાનમાં હોળીના રંગોત્સવમાં સુખ અને ખુશીના વાતાવરણમાં વધારો કરવા ભાંગ પીવા અને પીવડાવાની પરંપરા છે. જયારે આપણા ગુજરાતમાં શિવરાત્રીએ ભાંગનો પ્રસાદ મોટાભાગના શિવ મંદિરોમાં ભકતગણને ઉત્સાહથી અપાય છે. જો કે સાંપ્રત કાળમાં તો વરીયાળી, સાકર, મરી, જાયફળ, એલચી, બદામ, પિસ્તા, ચારોળી જેવા મસાલા મિશ્રિત દૂધની ઠંડાઈને ભાંગ નાંખ્યા વિના ભાંગના નામે પીરસી દેવાય છે.



ભાંગના નર છોડમાં ફુલ આવ્યા પછી એના પાન તોડીને લસોટીને લુગદી બનાવીને વાપરવામાં આવે છે તેને ભાંગ કહેવાય છે. ભાંગની માદકતામાં વ્યકિત એક જ પ્રવૃત્તિનું અભાનપણે પુનરાવર્તન કરતું રહે છે. જો એ બોલે તો બોલ્યા જ કરે છે હસે તો હસ્યા જ કરે છે. લોક વૈદક અને આધુનિક કાળમાં લખાયેલા આયુર્વેદિક ચિકિત્સા ગ્રંથોમાં પણ ભાંગનો ચિકિત્સકીય ઉપયોગ જણાવેલો છે. થોડીક માત્રામાં ભાંગના સેવનથી ભુખ વધારી શકાય છે. જો કે ભાંગનો સિમિત અને યોગ્ય ઉપયોગ જ હિતકારી છે.

ભગવાન શિવનો ભાંગ પ્રિય પ્રસાદ હતો અને ભાંગનો નશો શિવભકતિનો જ એક હિસ્સો છે. ધર્મની સાથે ભાંગનો સંબંધ પુરાતન કાળથી ચાલ્યો આવે છે. ભાંગને શિવજીનું પ્રિય ભોજન માનવામાં આવવાના કારણે શિવરાત્રી પર્વે ભાંગ ભેળવેલી ચીજ વસ્તુ મહાપ્રસાદ તરીકે આપવામાં આવે છે. ભગવાન શિવને ભાંગ સાથે સંબંધ હોવાની કેટલીક કહાનીઓ ખૂબ પ્રચલિત છે. એક કહાની મુજબ, એક વખત પરિવારમાં તણાવના કારણે શિવજી ઘર છોડીને નીકળી ગયા હતા. ઘણા દૂર જવા પર તેમને તરસ લાગી, પાસે એક લીલો છોડ જોઈને તેના પત્તા તોડીને તેમણે ખાધા, જેથી તુરંત તેમની તરસ છીપાઈ ગઈ. આ ભાંગનો જ છોડ હતો. ત્યારથી ભાંગ શિવજીનો પ્રસાદ બની ગયો. એક અન્ય પ્રચલિત કહાની અનુસાર અમૃત મંથન સમયે નીકળેલા ઝેરને કંઠમાં ધારણ કર્યા બાદ તેમને ગળામાં તકલીફ થઈ આ જોઈ અન્ય દેવતાઓએ તેમને ગળામાં ઠંડક થાય તે માટે ભાંગ ખવડાવી જેથી ઠંડક મળે. ત્યારથી ભાંગનો સંબંધ શિવજી સાથે જોડાઈ ગયો.

ભાંગ વિશે માનવામાં આવે છે કે આને માત્ર સપનામાં જોવા માત્રથી કોઈપણ કામમાં સફળતા પ્રાપ્ત થાય છે. ભાંગની ખેતી અને સેવન કાયદા મુજબ પ્રતિબંધ હોવા છતાં પણ મેળામાં આ મળે છે. તો તેનું કારણ છે ધાર્મિક છૂટ. વધારે પડતી ભાંગ પીવાથી વ્યકિતની તબિયત લથડી જાય છે તે માત્ર પ્રસાદ પૂરતી જ લેવી જોઈએ.

# ગ-૨ સર્કલમાં સ્વીફટ ગાડી અથડાઈ



શહેરના સર્કલ પણ હવે સુરક્ષિત નથી રહ્યા. વાહનચાલકો ગમે તે સમયે કાબુ ગુમાવી દેતા વાહનો સીધા સર્કલને જઈ ભટકાય છે. શહેરના સર્કલો પર ગાડી અથડાઈ જવાના અનેક કિસ્સા નોંધાયા છે. ત્યારે શહેરના ગ-૨ સર્કલ પર સ્વીફટ કારના ચાલકે કાબુ ગુમાવતા કાર સર્કલે જઈને ટકરાઈ હતી. જેમાં કારના આગળના ભાગે ભારે નુકશાન થયું હતું. જયારે સર્કલને પણ નુકશાન થવા પામ્યું હતું.

# કોલવડા ગામે બોરકુવા પરથી ૧૫ હજારના કેબલની ચોરી

ગાંધીનગર, તા.૧

કોલવડા ગામની સીમમાં રાણીમા વાળા જીવણભાઈ હીરાભાઈ પ્રજાપતિના ખેતરમાં બોરકુવા પરથી રૂ.૧૫ હજારની કિંમતનો ૨૫ મીટર કેબલ કાપીને ચોરી કરી લઈ જતા પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૬ કિસાન નગર પ્લોટ નં.૧૪૦-૨ ખાતે જીવણભાઈ હીરાભાઈ પ્રજાપતિ પરિવાર સાથે રહે છે. આજે સવારના તેઓ રોણીમાં નામથી ઓળખાતા ખેતરમાં બોરકુવાની ઓરડીનું લોક તુટેલી હાલતમાં હતું. જેથી ઓરડીનો દરવાજો ખોલી અંદર જોતા રૂ.૧૫ હજારનો જોન્સન કંપનીનો ૨૫ મીટર કેબલ ચોર શખ્સ રાત્રીના અંધકારમાં કાપીને ચોરી કરીને લઈ ગયા હતા. બનાવ અંગે ખેડુતે કેબલ ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## જન્મદિને વધામણી



વીણા વોરા
નિવૃત્ત શિક્ષક
લાયોનેસ બોર્ડ મેમ્બર



પ્રવીણભાઈ બી પટેલ
મો. ૯૮૨૪૩ ૧૪૪૬૬



ગ્રીષ્મા એન ત્રિવેદી
લાયોનેસ કલબ



ઉમંગ ટી. પાનવાલા



જયેશભાઈ શાહ
મો. ૯૯૦૯૯ ૩૧૯૫૯

# રામેશ્વર મંદિર, સે-૩માં હીરાજડિત ભવ્ય સોમનાથની ઝાંખી





ગાંધીનગર, તા.૧

બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સેકટર-૩ દ્વારા મહાશિવરાત્રીના પર્વની ઉજવણી પ્રસંગે હીરાજડિત ભવ્ય સોમનાથ તથા કલિયુગ, સંગમપુરા અને સત્યુગની ઝાંખી કરવામાં આવી હતી. જે રામેશ્વર મંદિર, સેકટર-૩ના પરિસરમાં આ વિશેષ ઝાંખી અને મહા પરિવર્તન વિડિયો શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઝાંખીના ઉદઘાટન પ્રસંગે અતિથિ વિશેષ હિતેષભાઈ મકવાણા, મેયર ગાંધીનગર મહાનગરપાલિકા વોર્ડ નં.૯ના કોર્પોરેટર્સ, પૂર્વ કોર્પોરેટર, મહાનુભાવો સહિત બ્રહ્માકુમારીઝ સે-૩ સેવા કેન્દ્રના સંચાલિકા સુનીતાબેન હાજર રહ્યા હતા. સુનિતાદીદીએ તેમના સ્વાગત પ્રવચનમાં મહાશિવરાત્રીના પર્વનું મહત્વ જણાવ્યુ હતું. હિતેષભાઈ મકવાણાએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. હિરા જડિત સોમનાથ મહાદેવની ઝાંખી એ ભાવિક ભકતોમાં ખૂબ જ મોટું આકર્ષણ જમાવ્યું હતું અને ભકતોની દર્શન માટે લાંબી કતારો જોવા મળી હતી. દર્શનનો લાભ આશરે આઠથી દસ હજાર જેટલા ભકતોએ લીધો હતો અને પાંચસો જેટલા ભાઈ-બહેનોએ શિબિરમાં આવવા માટે ફોર્મ ભરી સંમતિ દર્શાવી હતી.

# સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૧

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પોસ્ટ અને મોડેલ બનાવવાની સ્પર્ધા યોજાઈ હતી. ડૉ. વિરલ પટેલ, સાયન્સ કોલેજ વાસણના પ્રિન્સિપાલ આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું સફળ સંચાલન કરવા માટે ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા તથા કેમ્પસ ડિરેકટર એમ.ડી. પાંડેએ પ્રિન્સિપાલ ડૉ. રાજી ડેનિસનો આભાર વ્યકત કર્યો હતો.

# જોજો, માત્ર દસ રૂપિયામાં એક એલઈડી બલ્બની લોભામણી લાલચમાં ફસાઈ ના જતા..!!

ગાંધીનગર, તા. ૧

ભારત સરકાર દ્વારા ડિજિટલ ઈન્ડિયા દરેક વ્યક્તિના બેંક ખાતાને આધાર કાર્ડ સાથે લિંક કરવામાં આવ્યું છે. બીજી તરફ જયારથી નાગરિકોના હાથમાં સસ્તા ઈન્ટરનેટ સાથે સ્માર્ટફોન આવી ગયાં બાદ શરૂ થયેલા મોબાઈલ બેંકિંગના યુગમાં ઓનલાઈન ફાઈનાન્શિયલ ફ્રોડની ગુનાખોરી વધી જવા પામી છે. ઓનલાઈન છેતરપિંડી કરવા માટે ગઠિયાઓ નીત નવા કિમીયા અજમાવે છે અને ભોળા નાગરિકોને ફસાવી તેમના બેંક ખાતાંમાંથી નાણાંની ઉચાપત કરી લે છે. અત્યારે સોશિયલ મીડિયા પર એક ઓડિયો ક્લિપ ખૂબ વાઈરલ થઈ છે જેમાં માત્ર દસ રૂપિયામાં એક એલઈડી બલ્બની લોભામણી લાલચ આપીને વ્યક્તિના આધાર કાર્ડની વિગત તેમજ ફિંગર પ્રિન્ટ મેળવી તેના ઉપયોગથી કરવામાં આવતી એક છેતરપીંડીની મોડસ ઑપરેન્ડી જાહેર હિતમાં ખુલ્લી પાડવામાં આવી રહી છે.

સોશ્યલ મીડિયા પર વાઈરલ થયેલા વોઈસ મેસેજમાં જણાવાયું છે કે ગામડે ગામડે એક ટીમ ફરી રહી છે, જે માત્ર દસ રૂપિયામાં એક એલઈડી બલ્બની ઓફર કરે છે. આટલો સસ્તો બલ્બ હોવાથી કોઈ પણ વ્યક્તિ તેને લેવા માટે લલચાઈ જાય છે. વળી, આ ગઠિયાઓ દ્વારા આ સ્કીમ સરકારની સ્કીમ હોવાનું જણાવાય છે. માત્ર દસ રૂપિયામાં એલઈડી બલ્બ મળતો હોવાની લાલચમાં વ્યકિતએ ખરીદવાની તૈયારી દર્શાવે એટલે એને બલ્બનું વેચાણ તો કરવામાં આવે છે પરંતુ સરકારમાં તેનો રેકોર્ડ દર્શાવવાના બહાને તેનો આધાર નંબર પુરાવા રૂપે માંગવામાં આવે છે. એ રીતે આધાર નંબર મેળવ્યા બાદ ગઠિયાઓ દ્વારા વ્યક્તિના ફિંગર પ્રિન્ટ સ્કેનિંગ કરવાનું કહેવામાં આવે છે અને તેમની પાસે ફિંગર સ્કેનર મશીન પર વ્યક્તિનો અંગૂઠો મૂકાવી તેનું સ્કેન કરી લેવામાં આવે છે. હવે ભારતમાં દરેક વ્યક્તિના બેંક એકાઉન્ટ જનધન યોજના હેઠળ ખોલી દેવામાં આવ્યાં છે અને તે પણ આધાર કાર્ડ સાથે લિંક કરી દેવામાં આવે છે જેના કારણે બેંક દ્વારા એવી સુવિધા વિકસાવાઈ છે કે ખાતેદાર પાસે કોઈ આકસ્મિક સંજોગોમાં એટીએમ કાર્ડ ના પણ હોય તો પણ વ્યક્તિ માત્ર આધારકાર્ડના નંબરે એટીએમ મશીનમાંથી પોતાના અંગૂઠાને સ્કેન કરાવીને ખાતા નંબર વગર નાણાં ઉપાડી શકે છે કેમ કે વ્યક્તિના અંગુઠાના સ્કેન સાથે આધાર કાર્ડનું બાયોમેટ્રિક સ્કેનિંગ લિંક કરેલું હોય છે. માત્ર દસ રૂપિયામાં એલઈડી બલ્બ આપનાર ગઠિયાઓ તેમની પાસે આવી ગયેલી ખાતેદારની આધારકાર્ડ સહિતની માહિતી તેમજ ફિંગર સ્કેનિંગ દ્વારા લઈ લીધેલી ફિંગરપ્રિન્ટનો ઉપયોગ કરીને વગર ખાતા નંબર એક વ્યક્તિના ખાતામાંથી નાણાંની ઉચાપત કરી શકે છે. ગઠિયાઓ દ્વારા માત્ર એલઈડી બલ્બ જ નહીં પરંતુ અન્ય કોઈ ચીજવસ્તુને આ રીતે ખુબ જ સસ્તામાં આપવાની ઑફર કરીને વ્યક્તિને લલચાવી ભોળવીને આધાર કાર્ડ તેમજ ફિંગર પ્રિન્ટ મેળવી લેવાય છે જેનો ઉપયોગ નાણાંની ઉચાપત માટે કરવામાં આવે છે. આ પ્રકારની છેતરપિંડીથી વ્યક્તિઓને સાવધ કરતી એક ઓડિયો ક્લિપ અત્યારે સોશિયલ મીડિયા પર ખુબ જ વાઈરલ થઈ રહ્યો છે.

# એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૧

એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં ‘નેશનલ સાયન્સ ડે’ નિમિત્તે ‘સાયન્સ એક્સપેરિમેન્ટ’ તથા બાળકોને ‘હરબેરીયમ પ્રોજેક્ટ’ કરાવવામાં આવ્યો હતો. આજના સમયમાં વિશ્વ આખું વિજ્ઞાન ક્ષેત્રે સતત હરણફાળ ભરી રહ્યુંછે. વિજ્ઞાનના સહારે માનવી પૃથ્વીના પેટાળથી લઈને છેક અવકાશ સુધી પહોંચી શક્યો છે. તો રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓ અવનવા એક્સપેરિમેન્ટસ કરે દરેક પ્રકારના પ્લાન્ટને ઓળખે અને વિજ્ઞાનને વધુ સારી રીતે જાણે તે હેતુથી શાળામાં સાયન્સ એક્સપેરિમેન્ટ તથા હરબેરીયમ પ્રોજેક્ટ એક્ટિવિટી કરાવવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારના સાયન્સના મોડેલ પ્રોજેક્ટ તથા ચાર્ટ દ્વારા પ્રેઝન્ટેશન આપ્યું હતું. અને બાળકોએ વિવિધ પ્રકારના વૃક્ષો તથા તેના પાંદડાઓ વિશે જાણી અને તેના ઉપયોગ વિશે લખ્યું હતું.



## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પંચાલ ગીરીશકુમાર બચુભાઈ, ઉ.વ. ૪૩, શિહોલી મોટી
- સ્વ. વાઘેલા ઈશ્વરભાઈ મંગાભાઈ, ઉ.વ. ૬૫, પાલજ
- સ્વ. ગોહિલ મહિપતસિંહ બટુકસિંહ, ઉ.વ. ૪૧, પેથાપુર
- સ્વ. શાહ અંબાલાલ સોમાલાલ, ઉ.વ. ૯૦, સેકટર-૭

# એસ.એસ.વી.શાળામાં પેરેન્ટસ સેમિનારનું આયોજન



ગાંધીનગર, તા.૧

એસ.એસ.વી. શાળામાં તારીખ ૨૬ થી ૨૮ દરમિયાન પ્રી-પ્રાયમરીથી ધોરણ-૨ના વાલીઓ માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આજના બાળકોને કઈ રીતે મા-બાપ સાચું ઘડતર આપી શકે છે તે અંગેની ચર્ચા અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સેમિનારમાં નાના બાળકોએ માને સમર્પિત ગીત પર ડાન્સ કરી કાર્યક્રમને વધુ રસપ્રદ બનાવ્યો હતો.

# શહેરના મહિલા સેવાકર્મીએ દાહોદ જિલ્લાના જરૂરિયાતમંદ વર્ગના બાળકોને મદદ પહોંચાડી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં અનેક સેવાભાવી વ્યક્તિઓ દ્વારા નિયમિત વિવિધ સેવા કાર્યો કરવામાં આવે છે. શહેરના આવા જ એક મહિલા સેવાકર્મીના સેવા કાર્યોની સુવાસ સોશિયલ મિડીયા થકી છેક દાહોદ જિલ્લા સુધી પહોંચી હતી અને આ જિલ્લાના એક અંતરિયાળ ગામના જરૂરિયાતમંદ વર્ગના વનવાસી પરિવારોના બાળકો માટે કેટલીક શૈક્ષણિક સામગ્રીની જરૂરિયાત હોવાથી શાળાના આચાર્યએ આ મહિલા સેવા કર્મીનો સંપર્ક સાધ્યો હતો અને લેખિતમાં મદદ માંગી હતી જેને અનુલક્ષીને તેમણે જાતે રૂબરૂ શાળામાં જઈને બાળકોને સામગ્રીનું વિતરણ કરી પ્રસંશનીય સેવા પુરી પાડી હતી.



ગાંધીનગરની વિવિધ સેવાભાવી સંસ્થાઓ સાથે સંકળાયેલા ઋષિકાબેન ચક્રવર્તી દ્વારા ગત રવિવારે દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના અણીકા ગામે બામણીયા ફ.વર્ગ પ્રાથમિક શાળામાં જરૂરિયાતમંદ વર્ગના વનવાસી પરિવારોના બાળકોને પેન્સિલ, રબર, સંચા, ફૂટપટ્ટી, ચોપડા, કંપાસ બોકસ, લંચ બોકસ, પેન્ટ, શર્ટ, ટીશર્ટ, સ્કુલ બેગ, મોજાં, બુટ, રૂમાલ, વોટર બેગ, સમોસા વગેરે વસ્તુઓ ભેગી કરીને બાળકોને તેમની શાળામાં જઈને રૂબરૂ વિતરણ કરવામાં આવ્યું હતુ. આ સેવા કાર્યમાં ઋષિકાબેન ચક્રવર્તી સાથે સુકેશી બેન, હિમાંશુ ચોકસી અને તેમનો દિકરો રીષિકેષ ચક્રવર્તી જોડાયાં હતા. આ સેવા કાર્ય માટે તેમને વિવિધ સેવાભાવી દાતાઓએ દાન આપી આર્થિક મદદ કરી હતી જે નાણાંમાંથી તેમણે જાતે અમદાવાદ જઈને ખરીદી કરી રવિવારે કાર ભાડે કરીને બાળકોને વિતરણ કર્યુ હતું. તેમના આ સેવાકાર્ય માટે શાળાના આચાર્ય સહિત સમગ્ર શાળા પરિવારે તેમનો આભાર માન્યો હતો.



# પેથાપુર મંદિરમાં શિવ-શંકરની ચૈતન્ય ઝાંખીનું ઉદઘાટન

ગાંધીનગર, તા.૧

આઝાદીના અમૃત મહોત્સવ અને મહાશિવરાત્રી પ્રસંગે પેથાપુર સેવા કેન્દ્ર દ્વારા પેથાપુર મંદરમાં શિવશંકરની ચૈતન્ય ઝાંખીનું ઉદઘાટન કોર્પોરેટર અનિલસિંહ તથા મંદિરના ટ્રસ્ટીગણ દ્વારા દીપ પ્રાગટય કરી કરવામાં આવ્યું હતું.